# ગુજરાત જાહેર સેવા આયોગ

:: <u>સુધારો</u> ::

## રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારોની યાદી રદ કરવા બાબત

વંચાણે લીધી: (1) આયોગની તા.22.06.2016ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી.

(2) આયોગની તા.22.03.2017ની રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી

1. આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ ગુજરાત કૌશલ્ય તાલીમ સેવા, આચાર્ય સંવર્ગ, વર્ગ-2 ની જગ્યાએ ભરતી કરવા માટે જા.ક્ર. 40/2014-15 સંદર્ભે અરજી ચકાસણીને પાત્ર થતા ઉમેદવારોની (કામચલાઉ પરિણામ) યાદી આયોગ દ્વારા તા.22.06.2016ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જેમાં કુલ: <u>449</u> ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવેલ હતા.

2. અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોની અરજી ચકાસણી (Scrutiny) કરતાં કુલ: 117 ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને તેમણે કરેલ ઓન-લાઇન અરજીની પ્રિંન્ટેડ નકલ, જરૂરી દસ્તાવેજો સાથે આયોગની કચેરીમાં જમા કરાવેલ ન હતા. આથી પાત્રતા ચકાસણીના આધારે હા/ના પત્રકની વિગતો અનુસાર નોર્મ્સ મુજબ રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા કુલ: 213 ઉમેદવારોની યાદી તા.22.03.2017ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

3. આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ દંત સર્જન, ગુજરાત આરોગ્ય સેવા, વર્ગ-2 (જા.ક્ર. 135/2015-16)ની જગ્યાએ ભરતી સંબંધે SCA No. 5147 of 2017 અન્વયે નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.20.03.2017ના **ORAL ORDER** થી આપવામાં આવેલ Interim Relief અનુસંધાને અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદીના કિસ્સામાં સમાન પ્રકારના ધોરણો અનુસાર ન્યાયીક અભિગમ અપનાવવાનો થતો હોવાથી ગુજરાત કૌશલ્ય તાલીમ સેવા, આચાર્ય સંવર્ગ, વર્ગ-2ની જગ્યાએ ભરતી કરવા માટે જા.ક્ર. 40/2014-15 સંદર્ભે અરજી ચકાસણી માટે તા.22.06.2016 ના રોજ જાહેર કરવામાં આવેલ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોએ કરેલ રજુઆતો પરત્વે આયોગએ તા.04.04.2017ના રોજ કરેલ નિર્ણય અનુસાર નિયત સમયમર્યાદામાં અરજીપત્રક સહિત જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો રજુ ન કરી શકેલ કુલ: 117 ઉમેદવારો પાસેથી પુન: અરજીપત્રક સહિત જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો મંગાવવાના થતા હોઇ, તા.22.03.2017ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી આથી રદ જાહેર કરવામાં આવે છે.

# 2 #

4. આ તમામ અરજીપત્રકોની ચકાસણી બાદ રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની તદાનુસારની નવેસરથી યાદી હવે પછી જાહેર કરવામાં આવશે, જેની સંબંધિત ઉમેદવારોને નોંધ લેવા જણાવવામાં આવે છે.

Sd/-

સ્થળ: ગાંધીનગર-382010

(ટી. એચ. સોની)

તારીખ: 09.05.2017

સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

નકલ રવાના:-

(1) નોટીસ બોર્ડ.

(2) નાયબ સેકશન અધિકારીશ્રી, (માહિતી)

(3) અધ્યક્ષશ્રીના રહસ્ય સચિવ (2 નકલ)

(4) સભ્યશ્રીઓ (આયોગ)

(5) સચિવશ્રીના અંગત સચિવશ્રી.

(6) સં.સ.શ્રી/ના.સ.શ્રી/સે.અ.શ્રી, R-3 શાખા

(7) સેકશન અધિકારીશ્રી, ઈ.ડી.પી. સેલ.

(8) સેકશન અધિકારીશ્રી, આર & ડી શાખા.

(9) સેકશન અધિકારીશ્રી, નોંધણી શાખા.

(10) કચેરી હુકમ ફાઇલ

(11) સીલેક્ટ ફાઇલ